Kirklees Council
Civic Centre 3
Huddersfield
HD1 2EY

www.kirklees.gov.uk
twitter.com/@KirkleesCouncil

એપ્રિલ ૨૦૨૦

પ્રિય પડોશી,

**કોરોના વાયરસ કોમ્યુનિટી રિસ્પોન્સ**

કોરોના વાયરસે છેલ્લાં કેટલાંક અઠવાડિયાંઓથી આપણા બધાનાં જીવન પર અસર કરી છે. પરંતુ એણે સમગ્ર કર્કલીઝમાં લોકોમાં અને સમાજોમાં જે કંઇ ઉમદા વસ્તુઓ છે તેને પણ બહાર લાવી છે. ઘણાં બધાં વોલન્ટરી (સ્વયંસેવી) ગ્રુપો અને વ્યક્તિઓ એક બીજાને મદદ કરવા અને આપણામાં જેમને જોખમ પહોંચાવાની સૌથી વધુ શકયતા રહે છે તેવા લોકોનું રક્ષણ કરવા આગળ આવ્યા છે.

આ કલ્પી ન શકાય એવા કોમ્યુનિટી રિસ્પોન્સ અર્થાત સમાજના પ્રતિભાવ વિષે, તમારે જરૂર પડે તો તમે મદદ કઇ રીતે મેળવી શકો છો અને તમે પોતે તમારા પડોશીઓને કઇ રીતે મદદ કરી શકો છો તે વિષે વધુ જાણકારી આપવા અમે તમને આ લખી રહ્યા છીએ. સાથે સાથે અમે તમને તંદુરસ્તી જાળવી રાખવા, નેશનલ હેલ્થ સર્વિસનું રક્ષણ કરવા અને જિંદગીઓ બચાવવા અંગેની અદ્યટન માહિતી પણ આપી રહ્યા છીએ.

**કયા પ્રકારની મદદ?**

કર્કલીઝના દરેક વિભાગમાં વોલન્ટિયરો જે લોકો અત્યારે ખાધાખોરાકીની ચીજવસ્તુઓ મેળવી શકતા નથી તેમને તે મેળવવામાં મદદ કરી રહ્યા છે. બીજા કેટલાક શોપીંગ લઇ આવવામાં મદદ કરી રહ્યા છે, લોકોને તેમનાં ઘરોની અથવા પાલતુ જાનવરોની દેખરેખ રાખવામાં સહાય કરી રહ્યા છે, અને તેમને મિત્રો અને કુટુંબીઓનો સમ્પર્ક કરવામાં મદદ કરી રહ્યા છે. જો તમારે જરૂર હોય તો તમે ઘણી બધી બાબતોમાં મદદ મેળવી શકો છો.

**હું મદદ કઇ રીતે મેળવી શકું છું?**

આ કોમ્યુનિટી રિસ્પોન્સનું આયોજન અને વ્યવસ્થા કરવા કાઉન્સિલ વોલન્ટરી અને કોમ્યુનિટી સંસ્થાઓ સાથે કામ કરી છે, ઉપરાંત આગળની હરોળમાં રહી મદદ કરવા પોતાના કર્મચારીઓનો ઉપયોગ કરી રહી છે. અમે એક વૅબ પેજ અને ટેલિફોનની ગોઠવણ કરી છે જેનો તમે તમારા પોતાના માટે અથવા ખોરાક, ઘર વપરાશની ચીજવસ્તુઓ અને સામાજિક સહાયતા બાબતમાં જેને જરૂરત હોવાનું તમને લાગતું હોય તેવી કોઇ વ્યક્તિ માટે મદદ મેળવવા ઉપયોગ કરી શકો છો.

- અમારી વૅબસાઇટ પર જાઓ: www.kirklees.gov.uk/covid19response
- અથવા અમારી હેલ્પલાઇનને ફોન કરો: 01484 226919 (અત્યારે સોમથી શુક્ર સવારના ૮થી સાંજના ૬)

સમગ્ર કર્કલીઝમાં કોમ્યુનિટી અને નેબરહુડ ગ્રુપો આપણને બધાંને આ મુશ્કેલ સમયમાંથી બહાર નીકળવામાં અદભૂત મલદદ કરી રહ્યાં છે. વધુ વિગતો આ પત્ર સાથે સમાવેશ કરવામાં આવેલા લિફલેટમાં આપવામાં આવી છે.

તમે સેલ્ફ-એમ્પ્લોયડ (સ્વ-રોજગારવાળા) હોય, ધંધાદારી હોય, વાલી હોય, અથવા કોઇકની દેખભાળ કરી રહ્યા હોય અને તમે એ સલામતીપૂર્વક કરવા માંગતા હોય તો, બીજી ઉપલભ્ય સહાયતા વિષે તમે અમારી વૅબસાઇટ પર વધુ માહિતી મેળવી શકો છો:

- www.kirklees.gov.uk/coronavirus

કર્કલીઝ કાઉન્સિલને @ Kirklees Council પર અનુસરી ટ્વીટર પર અથવા www.facebook.com/liveinkirklees ખાતે ફેસબુક પર કોરોના વાયરસ વિષેની અદ્યટન માહિતી વિષે તમે સુમાહિતગાર પણ રહી શકો છો.

**હું કઇ રીતે મદદ કરી શકું છું?**

કર્કલીઝમાં પ્રત્યેક રહેવાસી આ વાયરસના ફેલાવાને ઓછો કરવામાં રાષ્ટ્રીય માર્ગદર્શનને અનુસરીને ખાસો એવો ફેર પાડી શકે છે. તમે એવું ઘરમાં રોકાયને / રહીને કરી શકો છો.

- અતિ આવશ્યક શોપીંગ માટે, દિવસમાં એક વાર હળવી કસરત (હરવાફરવા) માટે, દાક્તરી જરૂરિયાત માટે, અનિવાર્ય દેખભાળ પૂરી પાડવા, અથવા કામ માટે જ (તે પણ જો તમે ઘરેથી ન કરી શકતા હોય તો જ) ઘરની બહાર જાઓ
- જો તમે બહાર જાઓ તો, હંમેશાં બીજા લોકોથી બે મિટર (૬ ફુટ) દૂર રહો
- ઓછામાં ઓછા ૨૦ સેકન્ડ માટે સાબુથી તમારા હાથ વારંવાર ધોતા રહો

જો તમને નવી, સતત ખાંસી કે તાવ જેવાં લક્ષણો હોવાનું જણાય તો, તમારે ઘરે રહેવું જોઇએ અને એન.ઍચ.એસ.નો તેમની વૅબસાઇટ (111.nhs.uk) પર અથવા 111 નંબર પર ફોન કરીને સમ્પર્ક કરવો જોઇએ.

અગાઉથી કોઇ બીમારી હોવાના કારણે જેમના માટે વાયરસ લાગુ પડવાનું અત્યંત ભારે જોખમ રહે છે તેવા લોકોને હંમેશાં ઘરમાં જ રહેવાની અને ઓછાંમાં ઓછાં ૧૨ અઠવાડિયાં સુધી બીજા લોકો સાથે રૂબરૂ કે સામસામો સમ્પર્ક ટાળવાની ભારપૂર્વક સલાહ આપવામાં આવે છે. આવા લોકોનો તેમના કેરર્સ (દેખભાળ કરનારાઓ) અને તેમની મેડિકલ કેરના ભાગ રૂપે જેમને મળવું આવશ્યક હોય છે તે હેલ્થકેર વર્કર્સ સાથેનો સમ્પર્ક ચાલુ રહી શકે છે. જો તમે આ ગૃપમાં આવતા હોય તો તમને એન.ઍચ.એસ. તરફથી આના વિષે અગાઉથી એક પત્ર મળ્યો જ હશે. એ પત્રમાં ખાવાપીવાની ચીજવસ્તુઓ અને દવાઓ માટે મદદ મેળવવા જો તમે કોઇ મિત્રો, કુટુંબીઓ અથવા કોમ્યુનિટી સપોર્ટ નૅટવર્ક ધરાવતા ન હોય તો ફોન કરવા માટે એક હેલ્પલાઇનની વિગતો પણ પૂરી પાડવામાં આવી છે.

**આપનો આભાર**

અંતે, આપણા સ્થાનિક સમાજમાં આ પ્રતિભાવના ભાગરૂપ બનેલ દરેક વ્યક્તિનો અમે આભાર માનવા ઇચ્છતા હતા. લોકો મુશ્કેલીના આવા સમયે એકબીજાની અને તેઓ જેમાં રહેતા હોય તે સમાજોની કેટલી ફિકર રાખે છે એ જોવું સાચે જ પ્રેરણાત્મક બની રહ્યું છે. જો તમે સરકારની સલાહને અનુસરી રહ્યા હોય, જાહેર સેવાઓની આગલી હરોળમાં કામ કરી રહ્યા હોય અથવા તમારા સમાજમાં મદદ કરવા સ્વયંસેવા કરી રહ્યા હોય તો, અમે તમારા ભારોભાર ઋણી છીએ.

કાઉન્સિલર શબીર પાંડોર
લીડર ઑફ ધ કાઉન્સિલ

જૅકી ગેડમન
ચીફ ઇગ્ઝેક્યુટિવ, કર્કલીઝ કાઉન્સિલ

જો તમારે આ માહિતી બીજા કોઇ સ્વરૂપમાં કે ભાષામાં જોઇતી હોય તો, કૃપા કરી મુલાકાત કરો:
www.kirklees.gov.uk/covid19response અથવા અમારી હેલ્પલાઇનને ફોન કરો: 01484 226919